સુવિચાર
મનુષ્ય જન્મ પામીને માણસ જો વિકાસ ન કરે તો તેનો જન્મ વિફલ ગયો એમ જ માનવું.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૧/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
દર રવિવારે
શુદ્ધ સિંગતેલમાં બનાવેલુ
રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ,
દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ પોષ સુદ-૧૨ વર્ષ : ૧૬ અંક : ૦૨૬

## પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત સહિતે આંદોલનને આગળ વધાર્યુ

# નારી સ્વાભિમાન આંદોલન : અમરેલી અર્ધો દિવસ બંધનું એલાન

### છેલ્લા ૨ દિવસથી ડો. જીવરાજ મહેતા ચોકમાં આંદોલન અને જાહેર સભા બાદ આજે બંધનું એલાન

### નિર્દોષ દીકરીને ન્યાય અપાવવાની લડાઈમાં દરેક વેપારીઓને બપોર સુધી સહકાર આપવા અપીલ

### આગામી સોમવારે સુરતમાં ધરણા, દરેક સ્તરે નારી સ્વાભિમાન મંચની રચના કરાશે

### છેલ્લા ૧૦ દિવસથી ચર્ચાસ્પદ બનેલ બનાવને લઈને રોષનો માહોલ બંધ કરવાનો કોઈ પ્રયાસ થતો નથી

અમરેલી, તા. ૧૦

ભાજપની આંત્તરિક જુથબંધીને લઈને વાયરલ થયેલ લેટર અને લેટરમાં લખાયેલ વિગતો અને બાદમાં જે રીતે ફરિયાદ, આરોપીની અટકાયત અને બાદમાં થયેલ કાર્યવાહીમાં એક નિર્દોષ યુવતી ફસાઈ ગઈ અને બાદમાં રાજકીય અને સામાજિક દબાણ હેઠળ આરોપી યુવતીને નિર્દોષ જાહેર કરવી પડી સહિતની ઘટનામાં વિપક્ષી નેતા પરેશ ધાનાણીએ ઝંપલાવ્યું છે.

તેઓ બે દિવસથી ડો. જીવરાજ મહેતા ચોકમાં આંદોલન કરીને નિર્દોષ યુવતીને ન્યાય અપાવવા કમર કરસી છે અને તેઓએ આવતીકાલ શનિવારે બપોર સુધી બજારો બંધ રાખીને વેપારીઓને સહકાર આપવા અનુરોધ કરેલ છે.

તેઓએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવેલ છે કે, નાયબ દંડક અને રાજયનાં ગૃહમંત્રીનો નાર્કો ટેસ્ટ કરાવવામાં આવે, અમરેલી પંથકમાં થતી રેતી ચોરી, હપ્તાબાજી સામે પણ ગંભીર આરોપો કર્યા હતા.

અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં છેલ્લા ૨ દિવસથી પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત, ડી.કે. રૈયાણી, ટીકુભાઈ વરૂ, સંદિપ ધાનાણી, પ્રદિપ કોટડીયા, પોપટલા કાશ્મીરા, ઠાકરશીભાઈ મેતલીયા, એડવોકેટ રફીકભાઈ, મુઝફરહુશૈન સૈયદ, પ્રહલાદ સોલંકી, કે.કે. વાળા, નરેશ અધ્યારૂ, નિકુંજ સાવલીયા, ચંદ્રેશ રવાણી, હસુભાઈ બગડા સહિતનાં આગેવાનો આંદોલન કરતા જોવા મળી રહ્યા છે.

ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., અમરેલી
'ભોજલરામ ભવન', રાજ મહેલ રોડ,હેડ ઓફિસ, અમરેલી.ફોન નં.૦૨૭૯૨-૨૨૨૬૦૧,
ઈ-મેઈલ : ho@ajmsbank.com વેબસાઈટ : www.ajmsbank.com

:: બીજો પ્રયત્ન ::

બેંકની તા.03/01/૨૦૨૫ ની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગના ઠરાવ નંબર-૫૮૫ થી સાવરકુંડલા રોડ પરના એ.પી.એમ.સી.,અમરેલીમાં આવેલ બેંકની હેડ ઓફીસ, અમરેલીના પ્લોટની જમીન વેચાણ કરવા માટે ટેન્ડર

આથી રસ ધરાવનાર તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, આ બેંકની સાવરકુંડલા રોડ પરના એ.પી.એમ.સી., અમરેલીમાં આવેલ બેંકની હેડ ઓફીસ, અમરેલીના પ્લોટ નં.-૨ સર્વે નં.૩૦/૧-૬ ની વાણીજય વપરાશની કુલ જમીન ૨૬૯૬.૩૭ ચો.મીટર પૈકી ૩૮૩.૬૩ ચો.મીટર જમીન બેંક વાહન પાર્કિંગ અને બ્લોક પેવિંગ અને બાકીની બેંકને ફાળવેલ ૨૩૧૨.૭૪ ચો.મીટર જમીન માલીકી હકકથી વેચાણ કરવા બેંકે નિર્ણય કરેલ હોવાથી સદર વર્ણનવાળી જમીન જોવા માટે બેંકની હેડ ઓફીસ, અમરેલીના શ્રી બી.એસ.કોઠીયા, જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) મોબાઈલ નં.૯૮૨૫૨ ૩૫૪૭૫ નો સંપર્ક કરવાનો રહેશે. જમીન ખરીદવા રસ ધરાવતા ઈસમોએ દિન-૧૫ એટલે કે તા.૨૫/૦૧/૨૦૨૫ સુધીમાં બેંકના ચાલુ દિવસે ઓફિસ અવર્સ દરમ્યાન ટેન્ડર બંધ કવરમાં હેડ ઓફિસ, અમરેલી મુકામે અમોશ્રીને રૂબરૂ રજુ કરવા અને ટેન્ડર સાથે રૂા.૧,૦૦,૦૦૦/-(અંકે રૂા. એક લાખ પુરા) ડિપોઝીટ પેટે તથા પાનકાર્ડ અને આધારકાર્ડની નકલ સાથે બેંકમાં જમા કરાવવા આથી જાણ કરવામાં આવે છે અને ટેન્ડરની નકલ હેડ ઓફીસ, અમરેલીમાંથી મેળવી લેવાની રહેશે.

(બી.એસ. કોઠીયા)
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
અ.જી.મ.સ.બેંક લિ., અમરેલી.

### સાવરકુંડલનાં કરજાળા ગામની ઘટના

## પ્રેમી પરેશાન કરતો હોવાથી પ્રેમિકાનો આત્મહત્યાનો પ્રયાસ

### એસિડ પી લઈને હાથમાં બ્લેડ મારી

અમરેલી, તા. ૧૦

સાવરકુંડલા તાલુકાના કરજાળા ગામે રહેતી અને અભ્યાસ તથા ખેતીકામ કરતી યુવતીએ પોતાના પ્રેમીને સંબંધ રાખવાની ના પડતાં પ્રેમી હેરાન પરેશાન કરી માનસિક ત્રાસ આપતો હોય. જેના કારણે યુવતીએ પોતાના ઘરે જાતેથી હાથ ઉપર બ્લેડ મારી તેમજ એસિડ પી આરોપીના ત્રાસના કારણે પોતાની જાતને ઈજા કરી તેણીને સારવાર માટે દવાખાને ખસેડાયેલ. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાયેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ સાવરકુંડલા તાલુકાના કરજાળા ગામે રહેતી અને અભ્યાસ તથા ખેતીકામ કરતાં

અનુસંધાન પાના ૬ ઉપર

### ક્રેઈનનાં ચાલકે કારને હડફેટે લીધી

## અમરેલીનાં ટીંબલા ગામનાં ભગીરથભાઈ વાળાનું માર્ગ અકસ્માતમાં મોત નિપજયું

### ક્રેઈનનાં ચાલક વિરૂઘ્ધ ફરિયાદ નોંધાઈ


અમરેલી, તા. ૧૦

અમરેલી તાલુકાના ટીંબલા ગામે રહેતા મયુરભાઈ ભાભલુભાઈ વાળાના મોટાભાઈ ભગીરથભાઈ ગત તા. ૨/૧ના રોજ સાંજના આશરે પાંચેક વાગ્યાનાં સુમારે પોતાની અમારી ફોરવ્હીલ નંબર જી.જે.- ૦૬ ઈએચ-૫૮૯૯ની ચલાવીને ટીંબલા ગામેથી અમરેલી ઘરકામ સબબ ગયેલા હતા અને સાંજના આશરે સાડા આઠેક વાગ્યાની આજુબાજુ અમરેલીથી

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
69,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૦/૦૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ
જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## ॥ બેસણું ॥



## સ્વ. ડાયાભાઈ નાથાભાઈ ઉંઘાડ

(ગામ : વડીયા)

દિલગીરી સાથ જણાવવાનું કે અમારા મોટાભાઈશ્રી સ્વ. ડાયાભાઈ નાથાભાઈ ઉંઘાડ (ઉ.વ. ૭૫) સંવત ૨૦૮૧ ના પોષ સુદ ૧૧ ને શુક્રવાર તા. ૧૦/૦૧/૨૦૨૫ ના રોજ રામ ચરણ પામેલ છે, પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના...

॥ સદ્ગતનું બેસણું અમારા નિવાસસ્થાને ॥

તા. ૧૧/૦૧/૨૦૨૫ ને શનિવાર,સવારે ૯ થી ૪ કલાક સુધી રાખેલ છે.

સ્થળ : કૃષ્ણપરા, વડીયા, જિ.અમરેલી

॥ લી. ॥

કેશુભાઈ નાથાભાઈ ઉંઘાડ
બાવકુભાઈ નાથાભાઈ ઉંઘાડ
મનસુખભાઈ નાથાભાઈ ઉંઘાડ
દિલીપભાઈ ડાયાભાઈ ઉંઘાડ
ભરતભાઈ ડાયાભાઈ ઉંઘાડ
અશોકભાઈ ડાયાભાઈ ઉંઘાડ

તથા સમસ્ત ઉંઘાડ પરિવારના જય શ્રી કૃષ્ણ વાંચશોજી.



ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક & પોલીટ્રોમાં
આર્થ્રોસ્કોપીક સર્જરી
ગાયનેક - પ્રસુતિ
યુરોલોજી સર્જરી
જનરલ સર્જરી
લેપ્રોસ્કોપીક સર્જરી
જનરલ મેડીસીન
ક્રિટીકલ કેર
પોઈઝન સેન્ટર
આઈ.સી.યુ
એસ. આઈ. સી. યુ
ડાયાલીસીસ
શ્રેષ્ઠ સારવારનું સરનામું એટલે
નવજીવન
જનરલ હોસ્પિટલ
24 x 7 કલાક ઈમરજન્સી સારવાર
સુવિધાઓ
કેશલેશ મેડીક્લેઈમ
GSRTC-ST માન્ય
અકસ્માત સહાય યોજના
આયુષ્માન ભારત યોજના
કેરીયા રોડ
નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
હોસ્પિટલ 02792-222223 99782 23000
ઈમરજન્સી 9978293000

### ડો. ગજેરાએ હેલ્થલાઈન એમ્બ્યુલન્સને પ્રસ્થાન કરાવ્યું

# અમરેલીનાં એએચપીનાં તબીબો મહાકુંભમાં સેવા બજાવવા રવાના થયા

### ડો. તોગડીયાનાં માર્ગદર્શનતળે સેવાકાર્ય કરશે



અમરેલી, તા. ૧૦

આજરોજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, રાષ્ટ્રીય ઓજસ્વી અને ઈન્ડિયા હેલ્થ લાઈન દ્વારા ઉત્તરપ્રદેશ પ્રયાગરાજ ખાતે જે મહાકુંભ સ્નાનનો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. ત્યારે અમરેલી જિલ્લામાંથી આજરોજ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર ગજેરાના નેતૃત્વમાં ઈન્ડિયા હેલ્થલાઈન આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની એમ્બ્યુલન્સ સેવા માટે મોકલવામાં આવી. જેમાં સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણના નેતૃત્વમાં જામનગર વિભાગ સંગઠન મંત્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદી અને એમ્બ્યુલન્સ ચાલક રાષ્ટ્રીય બજરંગ દળ શહેર અધ્યક્ષ મહેશભાઈ સોલંકી આ કાર્યકર્તા ભાઈઓને એમ્બ્યુલન્સ સાથે જય શ્રી રામના નારા સાથે પ્રસ્થાન કરાવ્યું હતું. આ કુંભમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક એવા ડોકટર પ્રવીણભાઈ તોગડિયાના નેતૃત્વમાં કુંભમેળામાં લગભગ દોઢથી બે કરોડ માણસોને ભોજનની વ્યવસ્થા, રહેવા માટે ઉતારાની વ્યવસ્થા, ચા–પાણી, નાસ્તાની વ્યવસ્થા અને સાથે ઈન્ડિયા હેલ્થ લાઈન દ્વારા લગભગ દસેક હજાર ડોકટરો પણ આમાં સેવા આપવા જઈ રહ્યા છે. ત્યારે અમરેલી જિલ્લાના ડોકટર કિરીટભાઈ દેસાણીની રાહબરી નીચે અમરેલી જિલ્લામાંથી પણ ૨૦ જેટલા ડોકટરો સેવા આપવા જઈ રહ્યા છે. ત્યારે આ કુંભમાં બહોળી સંખ્યામાં સાધુ–સંતો અને ભકતજનો જઈ રહ્યા છે. ત્યારે આ કુંભમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અધ્યક્ષ ડોકટર તોગડિયાના માધ્યમથી હિન્દુભાઈઓ અને યાત્રાળુઓ સાથે સાધુ સંતોની સેવાનો મોકો મળ્યો છે. ત્યારે આ યાત્રાના પ્રસ્થાનરૂપે આજે અમરેલીમાંથી ડોકટર ગજેરાના સાંનિધ્યમાં પ્રસ્થાન થયું ત્યારે આ તકે ઉપસ્થિત ભાવનગર વિભાગ અધ્યક્ષ ડોકટર દેસાણી, રાષ્ટ્રીય છાત્ર પરિષદ મંત્રી મજબૂત સિંહ બસીયા તેમજ અમરેલી જિલ્લા પ્રમુખ સુરેશભાઈ સોલંકી, જિલ્લા કાર્યકારી અધ્યક્ષ જીલુભાઈ વાળા તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા, શહેર અધ્યક્ષ સંજયભાઈ પોપટ તેમજ વેપારી મહામંડળના તમામ ભાઈઓ આ યાત્રા પ્રસ્થાન કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. તેમ જિલ્લા પ્રમુખ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવેલ છે. જય શ્રી રામ.

### ધારાસભ્ય જનક તળાવીયાની રજૂઆતથી

# આનંદો : લાઠી પંથકનાં નાળા અને પુલીયા માટે રૂપિયા ૩.૪૦ કરોડ મંજૂર

### વર્ષો જુનો પ્રશ્ન દૂર થતાં હાશકારો

લાઠી, તા. ૧૦

લાઠી પંથકમાં આવેલા આ નાળા અને પુલીયા વર્ષોથી જર્જરિત હતા, જેના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ આ સમસ્યાને ગંભીરતાથી લઈ સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. તેમના પ્રયાસો સફળ રહ્યા અને સરકારે ૩ કરોડ ૪૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરી.

આ ગ્રાન્ટ મળવાથી લાઠી પંથકના લોકોમાં ખુશીનો માહોલ છે. વર્ષોથી જર્જરિત નાળા અને પુલીયા નવા બનવાથી લોકોને રાહત થશે અને તેમનું જીવન સરળ બનશે. ધારાસભ્યએ આ વિકાસ કાર્ય માટે સરકારનો આભાર માન્યો છે અને આ વિસ્તારના લોકોને શુભકામનાઓ પાઠવી છે.

### આયુષ્યમાન ભવ : કાર્યક્રમ અંતર્ગત

# ચિતલનાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો

### ૧૧૦ લાભાર્થીઓએ લાભ લીધો



ચિતલ, તા. ૧૦

ચિતલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સરકારના આયુષ્યમાન ભવ : કાર્યક્રમ ફેઝ–૨ હેઠળ સર્વરોગ નિદાન કેમ્પ શાંતાબા મેડીકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ અમરેલીના સહયોગથી સવારે ૯:૦૦ કલાકથી ૧૨:૩૦ કલાક સુધી કેમ્પનું આયોજન ડો. ધર્મેશ પી. ગાંધી, અધિક્ષક સામુહિક આરોગ્ય કેન્દ્ર ચિતલ દ્વારા આયોજન કરવામાં આવેલ હતું. જે કેમ્પમાં ડો. સેજલબેન રામાવત દંત સર્જન, ડો. ધૃવિન સાકરીયા મેડિકલ ઓફીસર વર્ગ–૨ તથા વર્ગ–૩ તથા ૪ના કર્મચારીઓએ આવેલ તજજ્ઞ ડોકટરઓનું અભિવાદન સ્વાગત કરવામાં આવેલ.

ચિતલ તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના દર્દીઓએ બહોળી સંખ્યામાં આ કેમ્પનો લાભ લીધેલ હતો. જેમાં શાંતાબા મેડીકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ અમરેલીના સ્ત્રીરોગ, બાળરોગ, ફીજીશીયન, કાન–નાક ગળા, જનરલ સર્જન, દંત સર્જન, માનસિક રોગ વિગેરેના નિષ્ણાંત ડોકટરઓએ તેમની સેવાઓ આપેલ હતી. તેમજ કુલ ૧૧૦ લાભાર્થીઓ દ્વારા આ કેમ્પમાં લાભ લેવામાં આવેલ હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં ડો. ડી.પી. ગાંધી અધિક્ષક, ડો. સેજલબેન રામાવત દંત સર્જન તેમજ હરેશભાઈ પી.બાબરીયા તેમજ હોસ્પિટલ તમામ સ્ટાફ દ્વારા સહયોગ આપવામાં આવેલ હતો.

### ધારાસભ્ય જનક તળાવીયાની રજૂઆત સફળ

# ગુડ ન્યુઝ : લાઠીની ગાંગડીયા નદી ઉપરનાં પૂલ બનાવવા માટે રૂપિયા ૧૫ કરોડ મંજૂર

### શહેરીજનોએ ધારાસભ્યને અભિનંદન પાઠવ્યા



લાઠી, તા. ૧૦

લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ લાઠીની જનતાની સમસ્યાઓ દુર કરવા કટીબદ્ધ લાઠી શહેરને જોડતો ગાગડીયા નદી પરનો પુલ મંજુર કરાવતા લાઠીની જનતામાં ખુશીનો માહોલ.

લાઠી શહેરમાં આવેલ ગાંગડીયા નદી પરનો બેઠેલો પુલ ગાગડીયા નદીમા ભારે પુર આવવાથી તુટી જતા લાઠીની જનતાને ભારે મુશ્કેલીનો સામનો વેઠવાનો વારો આવ્યો હતો પણ લાઠી બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ ૧૫ કરોડ જેવી રકમ સરકારમાંથી મંજુર કરાવી લાઠીની જનતાની ઘણા વર્ષોની સમસ્યા દુર કરતા શહેરની જનતાએ ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો હતો.

### આધુનિક ટેકનોલોજીથી કામગીરી થતાં મંદીનો માહોલ છવાયો

# બગસરામાં એક સમયે જેનો દબદબો હતો તેવા આરી ભરતનાં કારીગરોમાં બેરોજગારીનો માહોલ

### રાજ્ય અને કેન્દ્ર સરકારે આરી ભરતનાં ઉદ્યોગને પ્રોત્સાહન આપવું જરૂરી





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૦

બગસરામાં છેલ્લા ઘણા સમયથી આરી ભરતના ઉદ્યોગમાં મંદીનું ગ્રહણ છવાય ગયેલ જોવા મળી રહેલ છે. ત્યારે આરિભારતના કારીગરોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કાચો માલ પૂરતા પ્રમાણમાં ના મળતા અને બનાવેલા કામની પણ પૂરતી લેવાલી ના આવતા આરી ભરતના વેપારીઓ તેના કારીગરોને પૂરતા પ્રમાણમાં કામ ના આપી શકતા હોય. કેમકે હવે લગભગ તમામ વર્ક કોમ્પ્યુટર ઉપર થતું હોવાથી કારીગરોને આર્થિક ભીંસ અને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

એક સમય એવો હતો બગસરામાં આરી ભરતનું હબ ગણાતું હતું. ત્યારે શહેરમાં લગભગ ૩૦૦૦ જેટલા કારખાના ચાલતા હતા જેમાં અંદાજે આ તમામ કારખાનામાં અંદાજે ૧૫૦૦૦ હજાર કારીગરો કામ કરતા હતા. જે હાલની મંદી અને કોમ્પ્યુટર વર્ક આવતા કારીગરોની હાલત અતિગંભીર પરિસ્થિતિમાં જોવા મળી રહેલી છે. જયારે હાલમાં શહેરમાં ૫૦ જેટલા કારખાના ચાલી રહેલ છે જેમાં અંદાજે ૧૦૦૦ જેટલા કારીગરો કામ કરી રહેલ છે. પણ આ કારીગરો પણ તન તોડ મહેનત કરવા છતાં પૂરતું વળતર ના મળતું હોવાથી મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. પહેલા કારીગરો અંદાજે મહિનાના ૧૦થી ૧૫ હજાર કમાઈ લેતા હતા ત્યારે હાલની પરિસ્થિતિ પ્રમાણે ૫ હજાર જેવું માંડ કમાઈ શકે છે.

જયારથી કોમ્પ્યુટર વર્ક થવા લાગેલું છે ત્યારથી આ તમામ આરી ભરતના કારીગરો જાણે સાવ નહિવત પ્રમાણ થઈ ગયા હોય તેવું લાગી રહ્યું છે. તો આવી પરિસ્થિતિમાં આરી ભરત જે સૌરાષ્ટ્રની સંસ્કૃતિ ગણાતી હોઈ અને પુરા ભારતમાં આ આરી ભરત વખણાતું હોઈ પરંતુ હવે હાથ બનાવટને બદલે કોમ્પ્યુટર દ્વારા કામગીરી કરાતી હોવાથી તમામ કારીગરોના હાલ બેહાલ થઈ ગયા છે. તો સરકારને આ તમામ કારીગરો દ્વારા વિનંતી કરવામાં આવી રહેલ છે કે ફરી હાથ બનાવટવાળા કપડાંનું ચલણ ચાલુ કરાવી કોમ્પ્યુટર વર્કને બેન્ડ કરવામાં આવે તો ફરી આરી ભરતમાં તેજી જોવા મળે અને ફરી આ તમામ કારીગરોને પુરા ભાવ મળે અને પૂરતું કામ પણ મળે તેવી સરકારને એક નમ્ર અપીલ કરી પોતાની રજૂઆત મૂકી છે. ત્યારે આવા કારખાનેદારો પણ સરકારને રજૂઆત કરી પોતાનું અને પોતાને ત્યાં કામ કરતા કારીગરોનું ગુજરાત ચાલે તે માટે આરી ભરતના ઉદ્યોગને પ્રોત્સાહન મળે અને ફરીથી આરી ભરતની આ ચમકથી બગસરા ચમકી ઉઠે તેવી અપીલ કરી છે.

# આંબરડીમાં તરૂણે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૧૦

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે ઘનશ્યામભાઈ ભનુભાઈ સોજીત્રાની વાડીએ રહેતા અને મુળ મધ્યપ્રદેશના વતની ધારાસીંહ ધુમસીંહ આમલીયાર નામના ૧૫ વર્ષિય તરૂણને ગત તા. ૨૯/૧૨ ના રોજ સવારે ૧૦ વાગ્યાના અરસામાં તેમની બહેન સાથે નિંદામણ તથા ચારો લેવા બાબતે મનદુઃખ થતા તરૂણે પોતાની મેળે ઝેરી દવા પી જતા તરૂણનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

### સ્વનિર્ભર શાળા સંચાલન મંડળ પ્રમુખના અધ્યક્ષ સ્થાને

# બાબરા તાલુકા શાળા સંચાલક મંડળની બેઠક યોજાઈ

### તાલુકા સંચાલક મંડળના પ્રમુખ તરીકે ભડાણીયાની વરણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને બાબરા મુકામે વિવેકાનંદ સ્કૂલના આંગણે બાબરા તાલુકા સ્વનિર્ભર શાળા સંચાલકોની મીટીંગ યોજવામાં આવેલી હતી. આ મિટિંગમાં ખજાનચી પરેશભાઈ બોઘરા, અધ્યક્ષ કાળુભાઈ ગેલાણી, કારોબારી સભ્ય નિલેશભાઈ લિંબાચિયા તેમજ બાબરા તાલુકાના તમામ સ્વનિર્ભર શાળા સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં હસમુખભાઈ પટેલે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. બાબરા તાલુકાના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ તરીકે વિવેકાનંદ સ્કૂલ – બાબરાના સંચાલક ભાર્ગવભાઈ ભડાણિયા અને મહામંત્રી તરીકે સત્યમ સ્કૂલ કરિયાણાના સંચાલક પ્રવીણભાઈ જાપડીયાની વરણી કરવામાં આવેલી હતી. આ મિટિંગમાં પોતાનો કિંમતી સમય ફાળવી આવેલા જિલ્લાના પ્રમુખ હસમુખભાઈ પટેલ તથા તમામ હોદેદાર મિત્રો તથા શાળા સંચાલક મિત્રોનો બાબરા તાલુકા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ વતી ખૂબ ખૂબ આભાર.

# અમરેલીના યોગેશ ભટ્ટને ‘‘ઉજળી પ્રતિભા’’ એવોર્ડ અર્પણ થયો



અમરેલી, તા. ૧૦

સાવરકુંડલા કબીર ટેકરી ખાતે તારીખ ૧/૧ /૨૦૨૫ના દિવસે વંદનીય નારાયણદાસના ૪૫માં અવતરણ દિવસે, અમરેલી ગદ્ય સાહિત્ય સભા દ્વારા આયોજિત ત્રિવિધ ઉપક્રમમાં રાજય રાષ્ટ્રીય શિક્ષક એવોર્ડ વિજેતા સુધીરભાઈ મહેતાની કલમને લખાયેલ પુસ્તક ‘‘ઉજળી પ્રતિભાઓ''નું સંતો, મહંતો સાહિત્યકારો, સમાજશ્રેષ્ઠીઓની પ્રેરક ઉપસ્થિતિમાં વિમોચન થયું, ગુજરાતભરમાંથી પસંદ થયેલા કુલ ૯૮ વ્યકિત વિશેષોને ‘‘ઉજળી પ્રતિભા’’ એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા, જેમાં અમરેલી એકસપ્રેસના કોલમ લેખક અને નાગનાથ મંદિરે, રામજી મંદિરે છેલ્લા ૨૦ વર્ષથી સુવિચાર લખતા યોગેશ ભટ્ટને શબ્દ આરાધક તરીકે ‘‘ઉજળી પ્રતિભા એવોર્ડ’’ અર્પણ કરાયો.

### એઆરટીઓ અને ટ્રાફિક શાખા દ્વારા

# અમરેલીનાં ચાંદની ચોકમાં સદ્ભાવના ગૃપના સહયોગથી રોડ સેફટી કાર્યક્રમ યોજાયો

### મૃત્યુ ઘટે એ માટે જનજાગૃતિ કરાઈ



અમરેલી, તા. ૧૦

૧ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી દરમિયાન નેશનલ રોડ સેફટી મંથ–૨૦૨૫ની ઉજવણી કરવાનું નક્કી થયેલ છે. જે અંતર્ગત અમરેલી આર.ટી.ઓ., જિલ્લા ટ્રાફિક પોલીસ પીએસઆઈ, અમરેલી ૧૦૮ ટીમ તેમજ સદભાવના ગૃપ અજીજભાઈ ગેરીના સંકલનથી તા. ૯/૧/૨૦૨૫ ના રોજ સાંજે ૭:૩૦ કલાકે રોડ સેફટી માર્ગ સલામતી જન જાગૃતિ પ્રોગ્રામ સ્થળ ચાંદની ચોક, બહારપરા વિસ્તારમાં યોજાયેલ. જેમાં આર.ટી.ઓ. ઈન્સ્પેકટર પી.આર. પઢીયાર આરટીઓ ઈન્સ્પેકટર એમ.વી.શાહ તેમજ જીલ્લા ટ્રાફિક પીએસઆઈ વી.વી.ગોહિલ દ્વારા માર્ગ સલામતીના સુચનો કરવામાં આવ્યા. અંતમાં ૧૦૮ ટીમ દ્વારા ડેમોન્સ્ટ્રેશન આપી ઈમરજન્સી માટે અકસ્માત થયાનાં એક કલાક સુવર્ણ કલાકમાં પ્રાથમિક સારવાર મળી રહે તે અભિગમ દાખવી તરત જ ૧૦૮ હેલ્પલાઈન ઉપયોગ કરી ફોન કરવાનું જણાવવામાં આવ્યું. વધુમાં સુચનો કરાયાં જેવાં કે વાહનોમાંથી એકસ્ટ્રા વ્હાઈટ એલઈડી લાઈટ દુર કરવી, રેડીયમ પટ્ટા લાલ તેમજ પીળા રેડીયમ રીફલેકટર ટ્રાન્સપોર્ટ વાહનોમાં લગાવવાં, ઓવરસ્પીડથી વાહનો ચલાવવાં નહીં. સાઈડ લાઈટ ઈન્ડીકેટરનો ઉપયોગ કરી લેન બદલાવવી, વાહનોને વ્હાઈટ પટ્ટાની અંદર સાઈડમાં પાર્ક કરવાં, વાહન ચલાવતી વખતે હેલ્મેટ, સીટબેલ્ટનો ઉપયોગ કરવો, વગેરે જેવાં સુચનો કરાયાં અને અકસ્માત ઘટે મૃત્યુ ઘટે એ માટે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

# રાજુલા : શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે આનંદ બઝારની ઉજવણી



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૧૦

રાજુલા એજયુકેશનલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે એક કદમ આત્મનિર્ભરતા કી ઓર સૂત્રને સાર્થક કરવા તથા બહેનોમાં વ્યકિતગત વેચાણ કલા કળાના વિકાસ માટે આનંદ બઝારનું બહેનો દ્વારા ભવ્ય આયોજન થયેલ સાથે બહેનોએ ઉત્સાહભેર વિવિધ સ્ટોલ ઊભા કરેલ. બહેનો દ્વારા વેચાણ કળા સાથે સ્વાવલંબી બનવાની કળાથી આત્મવિસમાં વૃદ્ધિ કરેલ. આ સમારંભમાં અધ્યક્ષ સ્થાને રાજુલા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી છાયાબેન પુરોહિત તથા ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ આચાર્યા સીમાબેન પંડયા તથા જે.એ. સંઘવી હાઈસ્કૂલ આચાર્ય વાઘ તથા નિવૃત્ત આચાર્ય દિનાબેન જાદવ કોલેજ સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેકટર ડો.જીજ્ઞેશભાઈ વાજા તથા જાણીતા લેખિકા વૃંદાબેન મહેતા તથા કોલેજ આચાર્યા ડો. રીટાબેન રાવળ તથા સેડી પ્રીન્સીપાલ પવનકુમાર ચતુર્વેદી તથા જી એમ.બી પોલીટેકનિક કોલેજના પ્રિન્સીપાલ ધર્મેશભાઈ ખખ્ખર કારોબારી સભ્ય ગિરધરભાઈ ઉનાગર, વિમળાબેન ઉનાગર તથા જાગૃતિ બેન રાજયગુરૂ, હિરેનભાઈ પરમાર તથા વરિષ્ઠ પત્રકાર યોગેશભાઈ કાનાબાર તથા વરિષ્ઠ પત્રકાર ધર્મેશભાઈ મહેતા ઉપસ્થિત રહેલ. સમારંભની શરૂઆત સુંદર પ્રાર્થનાથી થયેલ. ત્યારબાદ મહેમાનોના વરદહસ્તે દીપ પ્રાગટય બાદ મહેમાનોનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ પ્રિન્સીપાલ મેડમ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત તથા પ્રાસંગિક ઉદબોધન બાદ મહેમાનોનું પ્રાસંગિક પ્રવચન સાથે ટ્રસ્ટી અનંતભાઈ શાહ તથા ડી.જે. ધંધુકિયાની શુભેચ્છાઓને સાદર સ્વીકાર કરી આભાર વ્યકત કરવામાં આવેલ. બાદ પ્રા.કૃપા બેન ધૂમડીયાએ આભાર દર્શન કરેલ. ત્યારબાદ આનંદ બઝારના સ્ટોલમાં અવનવી વાનગીની ઉજાણી કરવામાં આવેલ. એન એસ.એસ પ્રોગ્રામ ઓફિસર જાગૃતિબેન તેરૈયા તથા ભગવતી બેન વડીયા તથા પ્રાધ્યાપક ટીમ તથા સ્વયંસેવકોએ જહેમત ઉઠાવેલ.

# લાઠી ખાતે નવનિર્મિત સબરજીસ્ટ્રાર કચેરીનો જિલ્લા કલેક્ટરનાં હસ્તે પ્રારંભ




લાઠીતાલુકાનાગ્રામ્યઅને શહેરી વિસ્તારના નાગરિકોને સરળતાથી ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત થાય અને અરજદારોને હાલાકીનો સામનો ન કરવો પડે તેવા ઉમદા હેતુથી પ્રાંત કચેરી, લાઠી નજીકમાં નવનિર્મિત સબરજીસ્ટ્રાર કચેરીનું આજરોજ અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા અને લાઠી ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા કલેક્ટર અજય દહિયાએ રિબિન કાપીને ઉદઘાટન કર્યુ હતુ અને નવનિર્મિત સુવિધાયુક્ત કચેરીને ખુલ્લી મુકી હતી. ઉપરાંત ઉપસ્થિત મહાનુભાવોએ નવનિર્મિત કચેરીના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતુ. ઉલ્લેખનીય છે કે, નવનિર્મિત સબ રજીસ્ટ્રાર કચેરીમાં પીવાના પાણીની વ્યવસ્થા, સેનિટેશન સહિતની સુવિધા, વેઈટીંગ એરિયા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. અદ્યતન સુવિધાયુક્ત નવનિર્મિત સબરજીસ્ટ્રાર કચેરી લાઠી ખાતે અરજદારોને સરળતાથી વિવિધ સેવાઓ પ્રાપ્ત થશે. નવનિર્મિત સબરજીસ્ટ્રાર કચેરી લાઠી ઉદઘાટન પ્રસંગે લાઠી તાલુકા પંચાયત પ્રમુખ મધુભાઈ નવાપરા, જિલ્લા પંચાયત સભ્ય જીતુભાઈ ડેર, લાઠી પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યૂટી નિમાવત, નોંધણી નિરીક્ષક સિંધવ, લાઠી મામલતદાર રાજયગુરૂ સહિતના અધિકારી, કર્મચારીઓ અને લાઠીના સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં અપહરણનાં ગુન્હાનાં

રહેતા આરોપી ભાગ્યપાલસિંહ મહેન્દ્રસિંહ જાડેજા, જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ખીરચરાઘેડ ગામે રહેતા કિશોરભાઈ નારણભાઈ પંપાણીયા તથા જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના સરસઈ (ગોરખપરા)નાવતની અને હાલ સુરતના પાસોદરા પાટીયા, સૌરાષ્ટ્ર ટાઉન શીપમાં રહેતા આરોપી પિયુષભાઈ રામજીભાઈ સાવલીયા નામના ચાર અપહરણકારોને ફોર વ્હીલ કાર સાથે ગણતરીની કલાકોમાં પકડી પાડી અપહૃત વ્યકિતને સહી–સલામત છોડાવવામાં સફળતા મળેલ છે અને પકડાયેલ આરોપીઓને આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં ટીંબલા ગામનાં ભગીરથભાઈ

ટીંબલા ગામ આવતા તે દરમિયાન નવેક વાગ્યાના અરસામા જાળીયા ગામના પાટીયાથી થોડે દુર ભગીરથભાઈની ફોર વ્હીલનું ક્રેન નંબર જી.જે.–૧૪એ.જી.–૪૬૪૪ ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી ચલાવી કાર સાથે અથડાવી દેતા ભગીરથભાઈને બંને પગે ફ્રેકચર થયેલ અને હાથમાં કોનીનાં ભાગે ઈજા થયેલ હતી. જેથી ૧૦૮ મારફતે અમરેલી સિવિલ હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ રિફર કરતા તેમનુ સારવાર દરમિયાન તા. ૭ના રોજ રાત્રિના આશરે ૨ થી ૨:૩૦ વાગ્યાના સુમારે ભગીરથભાઈને મરણ ગયેલાનું જાહેર કરેલ હતા. આ અંગે ક્રેનના ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાયેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું પ્રેમી પરેશાન કરતો હોવાથી

બ્રિન્દાબેન જીતેન્દ્રભાઈ શેલાર નામની ૨૧ વર્ષિય યુવતીને તે જ ગામે રહેતા આરોપી જીગ્નેશભાઈ લાલજીભાઈ સુરેલા સાથે પ્રેમ સંબંધ હોય. જેની યુવતીના ઘરે ખબર પડી જતા યુવતીએ આરોપીને તેની સાથે સંબંધ રાખવાની ના પાડતા આરોપીએ યુવતીની અવર–જવર ઉપર નજર રાખી પીછો કરી યુવતીના ભાઈઓને અલગ–અલગ ઈન્સ્ટાગ્રામ આઈડીમાંથી ખોટા મેસેજ કરી અને યુવતીને તેની સાથે સંબંધ નહીં રાખે તો બીજી કોઈ જગ્યાએ સગાઈ નહીં થવા દે તેમ જ તું મારી નહીં થા તો તને કોઈની નહીં થવા દઉં તેવી ધમકી આપી છેલ્લા પાંચેક માસથી યુવતીનો પીછો કરી તેને હેરાન પરેશાન કરી માનસિક ત્રાસ આપેલ હોય. જેના કારણે યુવતીએ પોતાના ઘરે જાતેથી હાથ ઉપર બ્લેડ મારી તેમજ એસિડ પી આરોપીના ત્રાસના કારણે પોતાની જાતને ઈજા કરતા તેણીને સારવાર માટે દવાખાને ખસેડાયેલ. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાયેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૬૩ | ૧૫૧૮ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૪૦ | ૧૧૦૩ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૧૦ | ૧૨૭૫ |
| ૩ | શિંગ મોટી | ૮૧૫ | ૧૧૬૯ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૨૫૬ |
| ૫ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૫૨૫ |
| ૬ | તલ કાળા | ૨૭૭૫ | ૪૩૪૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૮૦૦ | ૨૪૨૦ |
| ૮ | બાજરો | ૪૫૧ | ૬૧૧ |
| ૯ | જુવાર | ૮૦૦ | ૮૬૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૭૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૫૬ | ૬૬૧ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૬૭૦ |
| ૧૩ | અડદ | ૭૮૦ | ૧૫૭૦ |
| ૧૪ | ચણા | ૯૦૦ | ૧૨૦૯ |
| ૧૫ | તુવેર | ૧૧૭૦ | ૧૭૨૧ |
| ૧૬ | મઠ | ૫૦૦ | ૫૯૦ |
| ૧૭ | કપાસ | ૭૪૦ | ૧૫૧૭ |
| ૧૮ | એરંડા | ૧૦૬૦ | ૧૨૦૫ |
| ૧૯ | જીરૂ | ૨૯૭૫ | ૪૪૭૫ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ૨૧ | સોયાબીન | ૫૫૦ | ૮૩૭ |
| ૨૨ | મરચા લાંબા | ૪૦૦ | ૩૦૮૦ |
| ૨૩ | વરીયાળી | ૯૦૦ | ૧૨૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું પીડિતાને ન્યાય અપાવવાનો સંઘર્ષ

આપી છતાં પણ એક નિર્દોષ દીકરીને ન્યાય અપાવવા તેઓ ડો. જીવરાજ મહેતા ચોકમાં ઉપવાસ કરતાં હોય સવારે તબીબોની ટીમે તેના આરોગ્યની ચકાસણી કરેલ જેમાં સુગર લેવલ એકદમ ઘટી ગયેલ.

બાદમાં સાંજનાં સમયે તબિયત વધુ લથડતા તબીબોએ પ્રવાહી લેવા નહી તો સારવાર માટે હોસ્પિટલમાં જવું પડશે તેમ કહીને પ્રવાહી લેવા અનુરોધ કરતાં તેમજ કાર્યકર્તાઓની લાગણીને ધ્યાને લઈને તેઓએ પ્રવાહી લઈને ઉપવાસ આંદોલન શરૂ રાખીને જનપ્રતિનિધિ કેવા હોવા જોઈએ તેનું ઉદાહરણ પુરૂ પાડયું છે.

## ખેતી તથા બિનખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **દિવ્યેશ કે.રાદડિયા,** રહે : – બાબરા – અમારા અસીલ જમીન ખરીદનાર **અસલાલીયા જશુભાઈ ધનજીભાઈ,** રહેઃ– ઉટવડ, તા.બાબરા, જી.અમરેલી વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **ઉટવડ** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન તથા બિનખેતીની જમીન આવેલ છે. તે ખેતી/બિનખેતીની જમીન અમારા અસીલ **અસલાલીયા જશુભાઈ ધનજીભાઈ,** ખરીદ કરવા માંગે **જેમીનની વિગતઃ–**

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | જુનો સર્વેનં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|---|
| ૧ | અસલાલીયા ધનજીભાઈ પ્રેમજીભાઈ | ૧૮૧ | ૧૨૭૭ | ૨૯૭પૈર/પૈર | ૨–૯૯–૬૮ |
| | | બિનખેતી | ૧૨૭૬ | ૨૯૭પૈર/પૈ૧ | ૦–૨૧–૧૯ |

સબબ ઉપરોકત વિગત વર્ણનવાળી ખેતીની ખેડવાણ તથા બિનખેતી જમીન સંબંધે તેના વેચાણ સંબંધે કે તેના કબજા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ – ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૦૭ (સાત) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા– તકરાર કે દરદાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ ખરીદનાર **અસલાલીયા જશુભાઈ ધનજીભાઈ** ના નામે કરાવી લેશુ. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળ :– બાબરા**
**તા :– ૧૦–૦૧–૨૦૨૫**

**અમારા અસીલ**
**શ્રી અસલાલીયા જશુભાઈ ધનજીભાઈની સુચનાથી**

**દિવ્યેશ કે રાદડીયા**
**એડવોકેટ (B.Com.LL.B)**
**(ગુજરાત હાઈકોર્ટ) પોલીસ સ્ટેશન પાસે,**
**રાજકોટ–ભાવનગર રોડ,**
**મુ.બાબરા,જિ.અમરેલી**
Mo.87803 97092

ADV. DIVYESH K. RADADIYA REG. NO. G/724/2019 GUJARAT HIGH COURT

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૪૪ |
| ૨ | શીંગ મોટી | ૧૦૪૨ | ૧૧૯૦ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૦૦ |
| ૪ | તલ કાળા | ૪૫૦૦ | ૪૯૫૧ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૩૮૧ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૪૯૪ |
| ૭ | ઘઉં લોકવન | ૫૬૦ | ૬૭૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૮૬ |
| ૯ | બાજરો | ૬૪૧ | – |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૮૬૧ |
| ૧૧ | મગ | – | ૧૯૦૧ |
| ૧૨ | અડદ | ૧૦૭૦ | ૧૩૮૬ |
| ૧૩ | ચણા | ૧૦૭૫ | ૧૧૭૫ |
| ૧૪ | તુવેર | ૧૩૦૧ | ૧૫૯૯ |
| ૧૫ | એરંડી | ૧૧૭૮ | ૧૧૮૦ |
| ૧૬ | ધાણા | ૧૪૪૦ | – |
| ૧૭ | સોયાબીન | ૭૬૦ | ૮૦૦ |

## લીલીયાના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલતમાં, મુ.લીલીયા

**ફો.પ.અ.નં. ૦૧/૨૦૨૫**

અરજદાર : કિશોરકુમાર મનસુખલાલ પાઠક
ઉ.વ.૫૮, ધંધો : વકીલાત, ધર્મે : હિન્દુ,
સરનામું : રહે."મનુ સ્મૃતિ", કિકાણી પ્લોટ, ઉમિયા મંદિર રોડ,
મુ.લીલીયા, તા. લીલીયા, જી.અમરેલી

:: **વિરૂધ્ધ** ::

સમાવાળા : (૧) પ્રિન્સીપાલશ્રી, અમૃતબા વિદ્યાલય, મું. લીલીયા, સ્ટેશન રોડ, તા. લીલીયા, જિ. અમરેલી
(૨) જિલ્લા શિક્ષણ અધિકારી સાહેબ, (માધ્યમિક) જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી, એ–વિંગ, બહુમાળી ભવન, બીજો માળ, બ્લોક નં.૧૦૭ થી ૧૧૧, અમરેલી.
(૩) જન્મ–મરણ નોંધણી અધિકારી સાહેબ, ગ્રામ પંચાયત કચેરી, પુંજાપાદર, મુ.પુંજાપાદર, તા.લીલીયા જિ.અમરેલી.

**અરજદાર તરફે વિ.વ.શ્રી બી.પી. હેલૈયા,**

**–: જાહેર નોટીસ :–**

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત કામના અરજદારએ અત્રેની અદાલતમાં ધી ગુજરાત માધ્યમિક રેગ્યુલેશન–૧૯૭૪ ના રેગ્યુલેશન ૨–ક, તથા જન્મ અને મરણ રજીસ્ટ્રેશન એકટની કલમ ૧૩ અન્વયે તેમના નામમાં **કિશોર મનસુખલાલ પાઠક** નહી પરંતુ **કિશોરકુમાર મનસુખલાલ પાઠક** છે. તેવું પ્રમાણિત કરવા હુકમ મેળવવા તથા સાચુ અને ખરૂ નામ **કિશોરકુમાર મનસુખલાલ પાઠક** હોય તે મતલબનો જરૂરી સુધારો ઉપરોકત કામના સામાવાળા નં.૧ ના રેકર્ડમાં કરીને તે સુધારેલ જન્મ તારીખવાળુ નવું સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ કાઢી આપે વિકલ્પે પુંજાપાદર ગ્રામ પંચાયત કચેરીમાં નોંધાયેલ નામ **કિશોરકુમાર મનસુખલાલ પાઠક** ખરૂ હોવાનુ પ્રમાણિત કરી આપી તે મુજબનો પ્રમાણપત્ર કાઢી આપે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ હોય જેથી તે અરજી સામે જે કોઈને વાંધા તકરાર હોય તેઓએ જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે **મુદત તારીખ : ૨૭/૦૧/૨૦૨૫** નાં રોજ સવારનાં ૧૦:૩૦ કલાકે અત્રેની કોર્ટમાં જાતે અગર તો માહિતગાર વકિલશ્રી મારફતે હાજર રહેવું અન્યથા ઉપરોકત અરજી અન્વયે આગળનો યોગ્ય ન્યાયીક હુકમ નામદાર કોર્ટ દ્વારા કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૧૦/૦૧/૨૦૨૫ નાં રોજ સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા.

સિક્કો

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | અમારા રૂબરૂ |
|---|---|---|
| (એસ.જે.મકવાણા) | (પી.વી.રાણવા) | (આર.કે.મહેતા) |
| આસીસ્ટન્ટ | સીન.કલાર્ક | રજીસ્ટ્રાર |
| | | પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ |
| | | લીલીયા |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૯ | ૧૫૨૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૩૫ | ૧૩૨૫ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૬૫ | ૧૧૫૫ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૪૫ | ૧૦૭૫ |
| ૫ | અડદ | ૧૧૩૦ | ૧૨૮૦ |
| ૬ | ઘઉં | ૫૩૯ | ૬૬૧ |
| ૭ | તલ સફેદ | ૧૯૧૦ | ૧૯૯૦ |
| ૮ | જીરૂ | ૪૦૧૫ | ૪૩૨૫ |
| ૯ | સોયાબીન | ૭૬૫ | ૭૮૫ |
| ૧૦ | ચણા | ૧૦૯૦ | ૧૨૦૦ |
| ૧૧ | તુવેર | ૧૨૬૦ | ૧૫૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૩૫ |
| ૨ | ઘઉં લોકવન | ૫૯૦ | ૬૩૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૬૦૧ | ૬૩૧ |
| ૪ | જીરૂ | ૩૯૦૦ | ૪૫૦૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૮૨ |
| ૬ | મગફળી | ૫૩૫ | ૯૬૦ |
| ૭ | ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૮ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૮૦૦ |
| ૯ | ધાણા | ૧૩૯૦ | ૧૪૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૦૫૫ |
| ૧૧ | અડદ | ૧૧૦૦ | ૧૨૫૫ |
| ૧૨ | જુવાર | ૮૦૦ | ૮૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં

અત્યારે જ પોલીસ સ્ટેશનમાં બોલાવો તમે કેમ બોલાવતા નથી? તેમ કહી તેમજ વિશાલ પંડયા નામના એડવોકેટના મોબાઈલ નં. ૭૦૯૬૮૦૪૯૯૨ વાળા તરીકે ઓળખ આપી આ મનિષાબેન સાથે ફોન ઉપર સતત વાતચીત કરી મનીષાબેનને આત્મવિલોપન કરવા માટે દુષ્પ્રેરણ કરતા આ મનિષાબેને પોલીસ સ્ટેશનના કંપાઉન્ડમાં આત્મવિલોપન કરવા માટે પ્લાસ્ટીકની થેલીમાં લાવેલ પેટ્રોલ પોતાના શરીર ઉપર છાંટી આત્મવિલોપન કરવાની કોશીષ કરતા પોલીસે મનીષાબેન તથા વિશાલ પંડયા સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં. ૨૪૩/૨૦૨૪

અરજદાર : શ્રી રમેશભાઈ આતુભાઈ સાંખટ
સરનામું : મું. લોઠપુર, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સમાવાળા : જન્મ – મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, લોઠપુર
મું. લોઠપુર, તા. જાફરાબાદ, જી.અમરેલી

**–: નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લોઠપુર** ગામના **શ્રી રમેશભાઈ આતુભાઈ સાંખટ**એ તેમની પુત્રી નામે **શ્રી તોરલબેન રમેશભાઈ સાંખટ**નો જન્મ તા.૨૮/૦૧/૧૯૯૯નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના **વકિલશ્રી પી.એમ. બાબરીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.તો આ કામના સામાવાળાના **જન્મનોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકારાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી

આજ તા. ૨૪, માહે. ડીસેમ્બર સને.૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યા.

**સ્થળ : જાફરાબાદ**
**તારીખ : ૨૪/૧૨/૨૦૨૪**

સિક્કો

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૦ | ૧૫૨૩ |
| ૨ | મગફળી | ૭૮૦ | ૧૧૫૧ |
| ૩ | ઘઉં | ૬૦૦ | ૬૦૦ |
| ૪ | અડદ | ૧૫૦૫ | ૧૫૦૫ |
| ૫ | ધાણા | ૧૩૫૦ | ૧૩૫૫ |
| ૬ | ચોળી | ૨૦૨૫ | ૨૦૨૫ |
| ૭ | સોયાબીન | ૬૨૧ | ૭૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૬ | ૧૪૮૦ |
| ૨ | મગફળી | ૯૯૧ | ૧૦૮૪ |
| ૩ | સોયાબીન | ૭૧૨ | ૭૫૨ |
| ૪ | તુવેર | ૧૩૫૧ | ૧૫૧૫ |
| ૫ | ધાણા | ૧૦૫૧ | ૧૦૫૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૯૦ | ૧૧૭૫ |
| ૨ | તલ સફેદ | ૧૫૫૪ | ૨૨૫૦ |
| ૩ | તલ પીળા | ૨૨૦૦ | ૨૮૦૧ |
| ૪ | કપાસ | ૧૨૨૬ | ૧૪૮૦ |
| ૫ | બાજરો | ૪૬૦ | ૬૪૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૭૫ | ૬૮૨ |
| ૭ | જુવાર | ૪૫૧ | ૮૮૮ |
| ૮ | મગ | ૨૨૦૧ | ૨૩૭૭ |
| ૯ | અડદ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૧૦ | તુવેર | ૧૪૧૦ | ૧૫૬૧ |
| ૧૧ | જીરૂ | ૩૦૦૧ | ૩૦૦૧ |
| ૧૨ | ધાણા | ૧૪૧૪ | ૧૪૧૪ |
| ૧૩ | સોયાબીન | ૭૫૦ | ૭૮૫ |

## તાજેતરમાં હૃદયરોગની સારવાર કરાવી છતાં પણ ઉપવાસ શરૂ કર્યા

# પીડિતાને ન્યાય અપાવવાનો સંઘર્ષ કરતાં પરેશ ધાનાણીની તબિયત લથડી

**છેલ્લા ચારેક દિવસથી નિર્દોષ યુવતીને ન્યાય અપાવવા માટે દિવસ-રાત એક કરતાં જોવા મળી રહ્યા છે**

**બબ્બે દીકરીનાં પિતા હોવાથી કોઈ દીકરીને અન્યાય થાય તો પિડા સમજી શકતા હોય છે**

**ડો. જીવરાજ મહેતા ચોકમાં તબીબોની ટીમે સવારે આરોગ્ય ચકાસતાં સુગર લેવલ નીચે આવ્યું**

**બપોર બાદ તબીબો અને કાર્યકરોની સલાહ બાદ પ્રવાહી લેવા તૈયાર થયા**








અમરેલી, તા. ૧૦

આજનાં મુડીવાદનાં માહોલમાં કહેવાતા જનપ્રતિનિધિઓ જનતાની પિડા વેળા માત્ર આશ્વાસન આપીને રવાના થતાં હોય છે. તેવા સમયે વિઠ્ઠલપુર ગામની મધ્યમવર્ગીય પરિવારની લાડલી દીકરી વિરૂધ્ધ ખોટી ફરિયાદ, ખોટી રીતે અટકાયત અને માર મારીને જાહેરમાં સરઘસ કાઢવાની ઘટનાએ સમગ્ર રાજયમાં ચકચાર જગાવી છે.

તેવા સમયે પૂર્વ વિપક્ષી નેતા અને અમરેલીનાં પૂર્વ ધારાસભ્ય અને બબ્બે દીકરીનાં પિતા પરેશ ધાનાણીએ નિર્દોષ દીકરી ઉપર અત્યાચાર કરનારને સજા અપાવીને નિર્દોષ યુવતીને ન્યાય અપાવવા છેલ્લા ૪ દિવસથી દિવસ–રાત સંઘર્ષ કરી રહ્યા છે.

તાજેતરમાં તેઓએ હૃદયરોગની સારવાર કરાવી છે. તબીબોએ આરામ કરવાની સલાહ

**અનુસંધાન પાના ૬ ઉપર**

---

### પતિ વિરૂધ્ધ આપેલ ફરિયાદની કાર્યવાહી ન થતી હોવાથી

## નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં આવીને એક પરિણીતાએ આત્મવિલોપનનો કર્યો પ્રયાસ

**સ્થાનિક પોલીસે પરિણીતા સહિત ૨ સામે ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૧૦

જાફરાબાદ તાલુકાના ફાચરીયા ગામે રહેતી મનિષાબેન હસમુખભાઈ હરીભાઈ દાફડા નામની ૨૭ વર્ષિય પરિણીતાએ ગત તા. ૮ના રોજ ૯ વાગ્યા દરમિયાન નાગેશ્રી પોલીસ સ્ટેશન ખાતે આવી અને તેણીએ ફરજ પરના પોલીસ કર્મીને કહેલ કે, તેણીએ પોતાના પતિ વિરૂધ્ધ ફરિયાદ આપેલ છે તે ફરિયાદ અંગે કેમ કોઈ કાર્યવાહી કરતા નથી? તેવુ કહી અને પોતાના પતિને

**અનુસંધાન પાના ૬ ઉપર**

---

### એસપીની સુચનાથી એલસીબી ટીમનો સપાટો

## સાવરકુંડલાનાં અપહરણનાં ગુન્હાનાં આરોપીઓની ગણતરીની કલાકોમાં ધરપકડ

**અપહૃત વ્યકિતને સહી-સલામત છોડાવવામાં સફળતા મળી**





અમરેલી, તા. ૧૦

સાવરકુંડલા ગામે જેસર રોડ ઉપર રહેતા વિપુલભાઈ લખમણભાઈ પાઘડાળ વાળાએ જાહેર કરેલ કે પોતાના કુટુંબીભાઈ ભરતભાઈ વશરામભાઈ પાઘડાળને ત્રણ અજાણ્યા આરોપીઓએ કાર નં. જી.જે.–૦૩ એચ.એ.–૮૧૩૪માં ભરતભાઈને બળ જબરીપુર્વક બેસાડી, તેનું અપહરણ કરી લઈ ગયેલ હોવાની ફરિયાદ આપતાં સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ત્રણ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ છે.

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતે સાવરકુંડલા ટાઉનમાં બનેલ અપહરણના ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ આ ગુનાનો ભેદ ઉકેલવા અને આરોપીઓને પકડી અપહૃત વ્યકિતને સહી–સલામત છોડાવવા ખાસ સુચના અને માર્ગદર્શન આપેલ હોય.

જે અન્વયે સાવરકુંડલા ડીવીઝનના પોલીસ વડા વલય વૈદ્યની રાહદબરી હેઠળ અપહરણના બનાવ અન્વયે રેપીડ એકશન પ્લાન તૈયાર કરી, અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ. આર.ડી. ચૌધરી તથા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન પો.ઈન્સ. સી.એસ. કુગસીયાની રાહબરી હેઠળ અલગ અલગ ટીમ બનાવી આરોપીઓ અને અપહૃત વ્યકિત અંગે સઘન તપાસ હાથ ધરી, રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના નાના ઈટોળા ગામે રહેતા આરોપી તેજપાલસિંહ ગુલાબસિંહ જાડેજા, રાજકોટ જિલ્લાના મેટોડા ગામે જી.આઈ.ડી.સી., આસ્થા રેસીડન્ટમાં

**અનુસંધાન પાના ૬ ઉપર**








**જુના માર્કેટયાર્ડમાં**

**દુકાન વેચવાની છે...**

અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.

:: સંપર્ક કરો ::

**શ્રી જેરામભાઈ સોહલીયા**

**મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪**

**હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે**

**રિસેપ્સનિસ્ટ (લેડીઝ)**

કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ

પગાર ધોરણ : ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-

**નર્સિંગ સ્ટાફ (લેડીઝ)**

(નાઈટ માટે) પગાર ધોરણ : ૯,૫૦૦/- થી ૧૨,૦૦૦/-

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં

**નારી** વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.











*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)